### તાજિયા વિસર્જન દરમિયાન વડોદરા ફાયર બ્રિગેડની સરાહનીય કામગીરી

# સરસિયા તળાવમાં ડૂબતા બે વ્યક્તિના જીવ બચાવ્યા

**ચારેય ફાયર સ્ટેશનના બંદોબસ્ત વચ્ચે 04 રેસ્ક્યુ બોટ, 02 એમ્બ્યુલન્સ સાથે ટીમ તૈનાત હતી**

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

વડોદરા શહેરમાં યોજાયેલા તાજિયા વિસર્જન દરમિયાન જાહેર જનતાની જાનમાલની સુરક્ષા માટે વડોદરા અગ્નિશમન અને તાત્કાલિક સેવાઓ દ્વારા શહેરના તમામ મહત્વના વિસર્જન સ્થળો તથા સંવેદનશીલ વિસ્તારોમાં વ્યાપક અને સુઆયોજિત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આ બંદોબસ્તના ભાગરૂપે શહેરના ચારેય ફાયર સ્ટેશનોને અલગ-અલગ તળાવો પર જવાબદારી સોંપાઈ હતી. જાહેર જનતાની સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને વિશેષ બચાવ વ્યવસ્થા ગોઠવાઈ હતી. 04 રેસ્ક્યુ બોટ, 02 એમ્બ્યુલન્સ, 04 અગ્નિશમન વાહનો સાથે પ્રશિક્ષિત અધિકારીઓ-કર્મચારીઓ અને વોટર રેસ્ક્યુ ટીમ, લાઈફ જેકેટ, લાઈફ બોય, રેસ્ક્યુ રોપ, ફ્લોટિંગ રેસ્ક્યુ સાધનો, પ્રાથમિક સારવાર કીટ તથા અન્ય જરૂરી બચાવ સાધનો સાથે સંપૂર્ણ સજ્જ ટીમ તમામ સ્થળોએ તૈનાત હતી. દરમિયાન 27 જૂનના રોજ સવારે અંદાજે 05:00 વાગ્યે સરસિયા કુદરતી તળાવ ખાતે બે વ્યક્તિઓ પાણીમાં ડૂબી જવાની ગંભીર ઘટના બની હતી. આપાતકાલીન પરિસ્થિતિની જાણ થતાં જ સ્થળ પર હાજર બદામડી બાગ,પાણીગેટ ફાયર સ્ટેશનની રેસ્ક્યુ ટીમે અત્યંત ઝડપી, બહાદુરીપૂર્ણ અને સમયસૂચક કામગીરી હાથ ધરી હતી. ટીમના સભ્યોએ પોતાની વ્યાવસાયિક કુશળતા અને જોખમ વચ્ચે પણ માનવજીવન બચાવવાની પ્રતિબદ્ધતા દર્શાવી બંને વ્યક્તિઓને સુરક્ષિત રીતે પાણીમાંથી બહાર કાઢી તેમનો કિંમતી જીવ બચાવ્યો હતો.

બંને વ્યક્તિઓને સ્થળ પર પ્રાથમિક સારવાર આપી તાત્કાલિક જરૂરી તબીબી સારવાર માટે વ્યવસ્થા કરવામાં આવી હતી. ફાયર વિભાગની ઝડપી અને અસરકારક કામગીરીને કારણે સંભવિત જાનહાનિ ટાળી શકાઈ હતી. સમગ્ર તાજિયા વિસર્જન કાર્યક્રમ શાંતિપૂર્ણ, સુવ્યવસ્થિત અને સલામત રીતે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

### રાજ્યમાં ચોમાસાના આગમન સાથે વિદ્યાર્થીઓની સલામતી જરૂરી

# ચોમાસામાં વિદ્યાર્થીઓની સલામતી માટે શિક્ષણ વિભાગની ૩૨ મુદ્દાની માર્ગદર્શિકા જાહેર

**અંડરગ્રાઉન્ડ વોટર ટેન્કને ફરતે ફેન્સિંગ કરવા, ખુલ્લા વીજ વાયર તાત્કાલિક રીપેર કરવા અને ઇમરજન્સી કીટ તૈયાર રાખવા સૂચના આપવામાં આવી**

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

રાજ્યમાં ચોમાસાના આગમન સાથે વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાને રાખી શિક્ષણ નિયામક દ્વારા શાળા અને હોસ્ટેલો માટે 32 મુદ્દાની માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

ભારે વરસાદ કે પૂરની સ્થિતિમાં મુખ્ય શિક્ષક પોતાની વિવેકબુદ્ધિથી બાળકોને રજા આપવાનો નિર્ણય લઈ શકશે. માર્ગદર્શિકામાં શાળાઓની છત પરના વોટર સ્પાઉટની સફાઈ, અર્થિંગની ચકાસણી, જર્જરિત ઓરડામાં વિદ્યાર્થીઓને ન બેસાડવા, રેન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ અને સેપ્ટિક ટેન્ક પાસે ચેતવણી બોર્ડ લગાવવાના આદેશ છે. આ ઉપરાંત અંડરગ્રાઉન્ડ વોટર ટેન્કને ફરતે ફેન્સિંગ કરવા, ખુલ્લા વીજ વાયર તાત્કાલિક રીપેર કરવા અને ઈમરજન્સી કીટ તૈયાર રાખવા સૂચના આપવામાં આવી છે. પૂર સંભવિત વિસ્તારની શાળાઓએ મહત્વના રેકોર્ડ, દવા, ટોર્ચ, પેક ફૂડ સુરક્ષિત સ્થળે રાખવા તથા સ્થાનિક તલાટી, ડોક્ટર, ફાયર બ્રિગેડના નંબર નોટિસ બોર્ડ પર પ્રદર્શિત કરવા જણાવાયું છે.

### ફરિયાદીના જામીનની કાર્યવાહી ઝડપી કરવા રૂ.25 હજાર માંગ્યા હતા

# માંજલપુરમાં ACBની ટ્રેપ : PSI વતી રૂ.૧૦ હજારની લાંચ લેતા ASI ઝડપાયા

**રકઝક બાદ રૂ.10 હજાર સોદો નક્કી થયો, પીએસઆઇ ને ઝડપી પાડવા ચક્રો ગતિમાન**

(પ્રતિનિધિ) સાગબારા, તા.27

વડોદરાના માંજલપુર પોલીસ સ્ટેશન સાથે સંકળાયેલા ભ્રષ્ટાચારના કેસમાં એન્ટી કરપ્શન બ્યુરોને મોટી સફળતા મળી છે. વિશ્વામિત્રી પોલીસ ચોકીના PSI મલ્લિકાબેન ખીમજીભાઈ પરમાર અને માંજલપુર પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ક્વોડના ASI જયકિશન સોમાજી ગામેતીને રૂ.10 હજારની લાંચ સ્વીકારવાના ગુનામાં ACBએ શનિવારે ટ્રેપ ગોઠવી રંગેહાથ ઝડપી પાડ્યા.



ACBના જણાવ્યા મુજબ, જાગૃત નાગરિકે ફરિયાદ કરી હતી કે તેમના વિરુદ્ધ માંજલપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાની તપાસ દરમિયાન PSI મલ્લિકાબેન પરમારે તેમને હેરાનગતિ ન કરવા તેમજ જામીનની કાર્યવાહી ઝડપથી પૂર્ણ કરવા માટે શરૂઆતમાં રૂ.25 હજારની લાંચ માંગી હતી. બાદમાં રકઝક થતાં રૂ.10 હજાર લેવાનું નક્કી થયું હતું. આરોપી PSIએ લાંચની રકમ ASI જયકિશન ગામેતીને આપવાનું જણાવ્યુ હતું. ફરિયાદી લાંચ આપવા ઈચ્છતા ન હોવાથી તેમણે ACBનો સંપર્ક કર્યો હતો.

ત્યારબાદ પોલીસ ઈન્સ્પેક્ટર એન.એમ. તલાટીના માર્ગદર્શન હેઠળ ટ્રેપ ગોઠવવામાં આવી હતી. ટ્રેપ દરમિયાન ફરિયાદીએ માંજલપુર પોલીસ સ્ટેશનની બાજુમાં ભાવના ઝેરોક્ષ સામે મુખ્ય માર્ગ પર ઉભેલી ASI જયકિશન ગામેતીની મારુતિ સ્વિફ્ટ કારમાં ડેશબોર્ડ પર રૂ.10 હજાર મૂક્યા હતા. લાંચની રકમ સ્વીકારતા જ ACBની ટીમે બંને આરોપીઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### મહાત્મા મંદિર ખાતે ભારત ટેક્સી એપનું ભવ્ય લોન્ચિંગ કરવામાં આવ્યું

# એલેમ્બિક CSR ફાઉન્ડેશનની 15 પિંક ઓટો દીદીઓનું ગાંધીનગરમાં ગૌરવપૂર્ણ પ્રતિનિધિત્વ

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

ગાંધીનગર ખાતે 27 જૂનના રોજ મહાત્મા મંદિર ખાતે ભારત ટેક્સી એપનું ભવ્ય લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. સુરક્ષિત, વિશ્વસનીય અને સરળ પરિવહન સેવા ઉપલબ્ધ કરાવવાની સાથે મહિલા ડ્રાઈવરોને સ્વરોજગાર અને આર્થિક સશક્તિકરણ માટે નવી તકો પૂરી પાડવાના હેતુથી શરૂ કરાયેલી આ પહેલ મહિલાઓને આત્મનિર્ભર બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ સાબિત થશે. આ પ્રસંગે સમગ્ર ગુજરાતમાંથી માત્ર વડોદરાની એલેમ્બિક સી.એસ. આર. ફાઉન્ડેશન સાથે સંકળાયેલી કુલ 15 પિંક ઓટો સારથી દીદીઓએ રાજ્યનું ગૌરવપૂર્ણ પ્રતિનિધિત્વ કર્યું હતું. તેમાં વડોદરા શહેરની 9 બહેનો, જેઓ દર મહિને






સરેરાશ રૂ. 28,000 જેટલી આવક મેળવી રહી છે, તેમજ વડોદરા ગ્રામ્ય વિસ્તારની 6 બહેનો, જેઓ દર મહિને સરેરાશ રૂ. 18,000 જેટલી આવક મેળવી આત્મનિર્ભર જીવન તરફ સફળતાપૂર્વક આગળ વધી રહી છે.

ઉલ્લેખનીય છે કે એલેમ્બિક સી.એસ. આર. ફાઉન્ડેશન દ્વારા માર્ચ 2024માં વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં પિંક ઓટો પ્રોજેક્ટની શરૂઆત, બરખા અમીન,એલેમ્બિક સી.એસ. આર. ફાઉન્ડેશન ટ્રસ્ટી દ્વારા કરવામાં આવી હતી, જ્યારે ડિસેમ્બર 2024માં વડોદરા શહેરમાં પિંક ઓટો સેવાનું લોન્ચિંગ નરસિમ્હા કોમર IPSના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પહેલ દ્વારા અનેક મહિલાઓને સ્વરોજગારની તક મળી છે અને તેઓ આર્થિક રીતે સશક્ત બની રહી છે.

### દ્વારકા દર્શને ગયેલા પરિવાર પર ભયાનક આફત

# ભરૂચ નજીક હાઈવે પર ગમખ્વાર અકસ્માતમાં માતા-પુત્રનાં મોત

ભરૂચ : સુરતના આંબલીયા પરિવારના 8 સભ્યો ઈકો કારમાં દ્વારકા દર્શનાર્થે ગયા હતા. દર્શન પૂર્ણ કરી આજે સવારે લગભગ 5 વાગ્યે તેઓ સુરત પરત ફરી રહ્યા હતા, ત્યારે ભરૂચ તાલુકાના કેલોદ ગામ નજીક આ અકસ્માત સર્જાયો. રસ્તાના કિનારે ઊભેલા ટ્રેલર પાછળ ઈકોવાન ધડાકાભેર અથડાતાં વાહનનો આગળનો ભાગ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો. ઘટનાની જાણ થતાં હાઈવે પેટ્રોલિંગ ટીમ અને 108 એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી ગયાં અને બચાવ કામગીરી શરૂ કરી.ઘાયલોને ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા, જ્યાં ગીતાબેન મનોજ આંબલીયા અને તેમના 12 વર્ષીય પુત્ર ચિંતન મનોજ આંબલીયાને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.



આ ઉપરાંત સૃષ્ટિ મનોજ આંબલીયા, મનોજ કલ્યાણ આંબલીયા અને સોનલ વિજય ઘોઘારી સહિત 6 લોકો ઘાયલ થયા છે, જેમાંથી બેને વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે.ભરૂચ તાલુકા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આ ઘટનાએ આખા વિસ્તારમાં શોકનો માહોલ સર્જ્યો છે.

### નક્ષિત અને કાવ્યાનો ખિતાબ પર કબજો

# ઓપન બરોડા મેજર રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ રોમાંચક તબક્કે

**બીજા દિવસે યુવા ખેલાડીઓનું શાનદાર પ્રદર્શન; રવિવારે વેટરન્સ અને સિનિયર ફાઇનલ્સ સાથે થશે સમાપન**

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

યુટીટી પ્રાયોજિત 2જી ઓપન બરોડા મેજર રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ-2026ના બીજા દિવસે વિવિધ વયજૂથોની સ્પર્ધાઓમાં રોમાંચક મુકાબલા જોવા મળ્યા. છોકરાઓની સ્પર્ધાઓ સેમિફાઈનલ તબક્કે પહોંચી હતી, જ્યારે છોકરીઓની સ્પર્ધાઓનો પણ પ્રારંભ થયો હતો. યુવા ખેલાડીઓએ ઉત્કૃષ્ટ રમત કૌશલ્ય દર્શાવી ટેબલ ટેનિસના ઉજ્જવળ ભવિષ્યની ઝલક આપી હતી.




હોપ્સ (અન્ડર-9) ગર્લ્સ સિંગલ્સમાં કાવ્યા મકવાણાએ ફાઈનલમાં પિહુ ભાનવડિયાને 3-1થી હરાવી ચેમ્પિયનશિપ પોતાના નામે કરી. જ્યારે હોપ્સ (અન્ડર-11) બોયઝ સિંગલ્સમાં નક્ષિત પ્રજાપતિએ તનુષ ખિન્દ્રીને હરાવી ખિતાબ જીત્યો. કેડેટ (અન્ડર-13) બોયઝ સિંગલ્સમાં ભાવ્યા મહેતા, યુવાન રાજ, નક્ષિત પ્રજાપતિ અને અર્ણવ શાહે પોતાના ક્વાર્ટર ફાઈનલ મુકાબલા જીતી સેમિફાઈનલમાં સ્થાન મેળવ્યું. ટુર્નામેન્ટનો અંતિમ દિવસ રવિવાર, 28 જૂને યોજાશે. સવારે 8:30 વાગ્યાથી વેટરન્સ વિભાગની મેચો શરૂ થશે, જ્યારે જુનિયર અન્ડર-19 બોયઝ, મહિલા અને પુરુષ સિંગલ્સની ફાઈનલ સાંજે 5 વાગ્યાથી રમાશે. ત્યારબાદ સાંજે 6:30 વાગ્યે વિજેતાઓને ઈનામો એનાયત કરવામાં આવશે.

### અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલને પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાંજલિ વ્યક્ત કરી

# નાગાલેન્ડના રાજ્યપાલ નંદકિશોર યાદવે 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ની મુલાકાત લીધી

**રાજપાલે દેશના એકીકરણ માટેના તેમના અવિસ્મરણીય યોગદાનને કૃતજ્ઞતાપૂર્વક સ્મરણ કર્યું**

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે નાગાલેન્ડ રાજાયના રાજ્યપાલ શ્રી નંદકિશોર યાદવજીએ વિશ્વવિખ્યાત સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લઈ અખંડ ભારતના શિલ્પી, ભારત રત્ન સરદાર વલ્લભભાઈ પટેલની ૧૮૨ મીટર ઊંચી ભવ્ય પ્રતિમાના દર્શન કર્યા હતા. આ અવસરે તેમણે સરદાર સાહેબને પુષ્પાંજલિ અર્પણ કરી દેશના એકીકરણ માટેના તેમના અવિસ્મરણીય યોગદાનને



કૃતજ્ઞતાપૂર્વક સ્મરણ કર્યું હતું. આ મુલાકાત દરમિયાન તેમના બંને પુત્રો પણ તેમની સાથે સામેલ થયા હતા.

મુલાકાત દરમિયાન માનનીય રાજ્યપાલએ સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસર સહિત વિવિધ આકર્ષણોનું અવલોકન કર્યું હતું. તેમણે ૧૫૩ મીટરની ઊંચાઈએ આવેલી વ્યૂઈંગ ગેલેરી પરથી નર્મદા નદી, વિંધ્યાચલ અને સાતપુડાની ગિરિમાળાઓના મનમોહક દૃશ્યો નિહાળ્યા હતા.

ઉપરાંત, સરદાર પટેલના જીવનચરિત્ર અને ભારતના એકીકરણના ઐતિહાસિક પ્રસંગોને આધુનિક ટેક્નોલોજી દ્વારા રજૂ કરતા મ્યુઝિયમ અને એક્ઝિબિશન હોલની મુલાકાત લઈ રસપૂર્વક માહિતી મેળવી હતી. રાજ્યપાલે પવિત્ર નર્મદા મહાઆરતીમાં સહભાગી બની આધ્યાત્મિક વાતાવરણનો અનુભવ કર્યો હતો. ત્યારબાદ તેમણે સ્ટેચ્યુ ઓફ યુનિટી પર પ્રદર્શિત ભવ્ય લાઈટ એન્ડ સાઉન્ડ શો નિહાળ્યો હતો, જેમાં ભારતની એકતા, અખંડિતતા અને સરદાર પટેલના રાષ્ટ્રનિર્માણના યોગદાનનું જીવંત ચિત્રણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પોતાના પ્રતિભાવમાં રાજ્યપાલ નંદકિશોર યાદવજીએ જણાવ્યું હતું કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી માત્ર વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા જ નથી, પરંતુ ભારતની એકતા, અખંડિતતા અને રાષ્ટ્રીય ગૌરવનું જીવંત પ્રતીક છે. અહીં આવીને દેશભક્તિની નવી પ્રેરણા અને રાષ્ટ્રસેવાની ભાવના વધુ દૃઢ બને છે. મુલાકાતના અંતે સ્ટેચ્યુ ઓફ યુનિટીના નાયબ વન સંરક્ષક પ્રસાદ રવિ રાધાકૃષ્ણ અને અધિક કલેક્ટર શ્રી નારાયણ માધુ દ્વારા રાજ્યપાલને સ્મૃતિચિહ્ન અને મોમેન્ટો અર્પણ કર્યા હતા.

### પોલીસ ફરિયાદ બાદ આરોપી ઝડપાયો

# જંબુસર ST ડેપોમાં સહકર્મચારીની અશ્લીલ ટિપ્પણીથી મહિલા કંડકટર ત્રસ્ત

**ST મહિલા કંડકટરોની સલામતી પર સવાલ ઉઠ્યા**

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

જંબુસર ST ડેપોમાં ફરજ બજાવતી મહિલા કંડકટરને તેના સહકર્મચારી તરફથી સતત અપમાનજનક અને અશોભનીય વર્તનનો સામનો કરવો પડ્યો છે. આખરે કંટાળીને પીડિત મહિલાએ જંબુસર પોલીસ મથકે લેખિત ફરિયાદ નોંધાવતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી આરોપી સહકર્મચારીની ધરપકડ કરી છે. ફરિયાદમાં પીડિત મહિલા કંડકટરે જણાવ્યું હતું કે, ડેપોમાં ટ્રાફિક કંટ્રોલર તરીકે ફરજ બજાવતા સાદીકભાઈ આદમભાઈ પટેલ લાંબા સમયથી તેમની સાથે અયોગ્ય ટીપ્પણી, અપમાનજનક વાણી અને માનસિક હેરાનગતિ કરતા હતા. પીડિતાએ જ્યારે તેનો વિરોધ વ્યક્ત કર્યો, ત્યારે આરોપીએ તેમને ધમકી પણ આપી હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે. પીડિત મહિલાએ આ સમગ્ર ઘટનાની લેખિત રજૂઆત પોલીસ મથકમાં કરતાં, જંબુસર પોલીસે ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ 75(1)(ii), 75(1)(iv), 351(3) તેમજ 79 હેઠળ ગુનો નોંધી આરોપીને ઝડપી લીધો. ધરપકડ બાદ આરોપીને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, જ્યાંથી તેને ભરૂચ સબ જેલમાં મોકલી આપવામાં આવ્યો છે.

આ ઘટનાએ ST વિભાગના વર્તુળોમાં ગંભીર ચર્ચા જન્માવી છે, જ્યારે પીડિત મહિલા કંડકટરના હિંમતભર્યા પગલાને અન્ય કર્મચારીઓ ગણી રહ્યા છે.પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. રાજ્ય પરિવહન નિગમ (ST) માં મહિલા કંડકટરોની નોકરી દરમિયાન સલામતીને લઈને ગંભીર સવાલો ઉભા થયા છે. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારો અને દૂરના રૂટ પર ફરજ બજાવતી મહિલાઓને અનેક સુરક્ષા પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. નોકરીની તક તો મળી રહી છે, પરંતુ સન્માનજનક અને સુરક્ષિત વાતાવરણમાં કામ કરવું અઘરું બની રહ્યું છે.

## વેલકેર હોસ્પિટલ સામે અજાણ્યા પુરૂષની લાશ મળી

વડોદરા : વડોદરાના અટલાદરા વિસ્તારમાં વેલકેર હોસ્પિટલ સામે ખિસકોલી સર્કલથી અટલાદરા જતાં માર્ગ પર દીવાલની બાજુમાં એક અજાણ્યા પુરુષની લાવારિસ હાલતમાં મૃતદેહ મળી આવતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં અટલાદરા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહનો કબજો લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતકની ઓળખ થઈ શકી નથી. પોલીસે આસપાસના લોકોની પૂછપરછ શરૂ કરી છે તેમજ મૃતદેહની ઓળખ માટે પ્રયાસો હાથ ધર્યા છે. મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ સહિતની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.


**ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ખડગપુર**
**INDIAN INSTITUTE OF TECHNOLOGY KHARAGPUR**

જાહેરાત ક્રમાંક: R/05/2026 તારીખ: 10 જૂન, 2026

સંસ્થા નીચે દર્શાવેલ પદ માટે ભારતીય નાગરિકો પાસેથી ઓનલાઇન અરજીઓ આમંત્રિત કરે છે:

(i) પ્રોફેશનલ ટ્રેઇની (ફાઇનાન્સ એન્ડ એકાઉન્ટ્સ) - 10 પદો.

શૈક્ષણિક લાયકાત, વય અને અપડેટ્સ અંગેની વિગતો માટે મુલાકાત લો: http://www.iitkgp.ac.in/non-teaching-positions

કુલસચિવ / Registrar

cbc21255/11/0003/2627


### વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૨૫-૨૬માં ખરીફ તુવેરનું વાવેતર ૧૪,૦૩૩ હેક્ટર અને ઉત્પાદન ૨૩,૪૨૧.૦૭૭ મેટ્રિક ટન થયું

# પરંપરાગત ખેતીથી ગ્લોબલ માર્કેટ તરફ: વડોદરામાં યોજાનારી પ્રાદેશિક સમિટ ખેડૂતો માટે બનશે આશીર્વાદરૂપ

**જિલ્લામાં ખરીફ તુવેરનું સૌથી વધુ વાવેતર વાઘોડિયા તાલુકામા જ્યારે સૌથી વધુ ઉત્પાદન પાદરા તાલુકામા**

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

ભારત વિશ્વમાં તુવેરના ઉત્પાદનમાં અગ્રેસર છે, જેમાં ગુજરાત સહિત મહારાષ્ટ્ર, કર્ણાટક, મધ્યપ્રદેશ, અને ઉત્તરપ્રદેશ મુખ્ય ઉત્પાદક રાજ્યો છે. ખાસ કરીને કર્ણાટકના કલબુર્ગી ક્ષેત્રની પ્રખ્યાત 'ગુલબર્ગા તુવેર દાળ' પોતાની વિશેષ ગુણવત્તાને કારણે જીઓગ્રાફિકલ ઈન્ડિકેશન પણ ધરાવે છે. વડોદરા જિલ્લામાં જમીનની ફળદ્રુપતા અને નાઈટ્રોજન ફિક્સેશન તરીકે વૈજ્ઞાનિક ઢબે ખેડૂતો દ્વારા તેને ઘણીવાર બાજરી, જુવાર, કપાસ કે મગફળી જેવા પાકો



સાથે આંતરપાક તરીકે ખાસ પસંદ કરવામાં આવે છે. વડોદરા જિલ્લાના જુદા જુદા તાલુકાઓમાં છેલ્લા ઘણા વર્ષો દરમિયાન ખરીફ પાકમા ખાસ કરીને તુવેરના વાવેતર વિસ્તાર અને ઉત્પાદનમા ખેડૂતોએ વિશેષ રસ દાખવ્યો છે. વડોદરા જિલ્લામાં ખરીફ તુવેરના વાવેતર વિસ્તાર અને ઉત્પાદનમાં વર્ષ ૨૦૨૫-૨૬માં તુવેરનું વાવેતર ૧૪,૦૩૩ હેક્ટર અને ઉત્પાદન ૨૩,૪૨૧.૦૭૭ મેટ્રિક ટન થયું છે. તાલુકાવાર જોઈએ તો, ડભોઈ તાલુકામાં સૌથી ઓછુ વાવેતર ૧૮૦ હેક્ટર અને ઉત્પાદન ૩૦૦.૪૨ મેટ્રિક ટન જેટલું થયું છે. જિલ્લામાં એકંદર રીતે ડેસર અને વાઘોડિયા તાલુકામાં ખરીફ તુવેરના ઉત્પાદનમાં ખૂબ જ સારો અને સકારાત્મક વિકાસ જોવા મળે છે. ડેસરમાં વાવેતર ૧,૬૯૩ હેક્ટર અને ઉત્પાદન ૨,૮૨૫.૬૧૭ મેટ્રિક ટન થયું છે. વાઘોડિયામાં વાવેતર જિલ્લામાં સૌથી વધુ ૩,૯૩૦ હેક્ટર અને ઉત્પાદન ૬,૫૫૯.૧૭ મેટ્રિક ટન થયું છે. પાદરા તાલુકો સમગ્ર જિલ્લામાં મુખ્ય ઉત્પાદક તાલુકો રહ્યો છે. જેમા ૪,૦૬૭ હેક્ટર વાવેતર સાથે સૌથી વધુ ૬,૭૮૭.૮૨૩ મેટ્રિક ટન ઉત્પાદન પર પહોંચ્યું છે. જે આ વર્ષે જિલ્લામાં સૌથી વધુ છે. કરજણમાં વાવેતર ૧,૪૬૭ હેક્ટર અને ઉત્પાદન ૨,૪૪૮.૪૨૩ થયું છે. વડોદરા તાલુકામાં વાવેતર ૬૧૫ હેક્ટર અને ઉત્પાદન ૧૦૨૬.૪૩૫ થયુ છે. સાવલી તાલુકામાં ૧,૫૮૪ હેક્ટર વાવેતર અને ૨,૬૪૩.૬૯૬ મેટ્રિક ટન ઉત્પાદન થયુ છે.

જ્યારે સિનોર ૪૯૭ હેક્ટર વાવેતર અને ઉત્પાદન ૮૨૯.૪૯૩ મેટ્રિક ટન થયુ છે. તુવેર દાળ જેને Pigeon Pea તરીકે ઓળખાય છે એ વનસ્પતિ-આધારિત પ્રોટીનનો એક મુખ્ય અને પાયાનો સ્ત્રોત છે, જે મુખ્યત્વે ચોમાસાની શરૂઆતમાં જૂન-જુલાઈ માસમા ખરીફ પાક તરીકે વાવવામાં આવે છે અને શિયાળામાં એટલે કે ડિસેમ્બર-જાન્યુઆરી માસમા તેની લણણી થાય છે. આ પાક ઉષ્ણકટિબંધીય વાતાવરણમાં સારા નિતારવાળી ગોરાડુ જમીનમાં ઉત્તમ રીતે ફુલે-ફાલે છે.; તે દુષ્કાળ સામે પ્રતિકારક શક્તિ ધરાવે છે પરંતુ અતિશય ઠંડી અને પાણી ભરાઈ રહેવાની સ્થિતિ પ્રત્યે સંવેદનશીલ છે.

### સાતપુડાની તળેટીમાં માનવતાનો દીવો પ્રગટ્યો

# 108 ટીમે પથ્થરો હટાવી ઝોળીમાં ભરી દર્દીને હોસ્પિટલ પહોંચાડ્યો

(પ્રતિનિધિ) સાગબારા, તા.27

ડેડિયાપાડા તાલુકામાં સાતપુડાની તળેટીમાં ધોધમાર વરસાદ વચ્ચે 108 ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાએ નવતર કાર્ય કરી બતાવ્યું છે. મુશળધાર વરસાદ, કાદવ-કીચડ અને રસ્તા પર પડેલા પથ્થરો-વૃક્ષો વચ્ચે પણ ટીમે દર્દીને સમયસર સારવાર માટે હોસ્પિટલ પહોંચાડીને માનવતાનો દાખલો બેસાડ્યો છે. ડેડિયાપાડાનાં પાનખલા ગામે એક વ્યક્તિને સાપ કરડ્યો. ઘટના બનતાં જ પરિવારજનોએ 108 એમ્બ્યુલન્સ સેવાને કોલ કર્યો. સામે છતાં, ભારે વરસાદના કારણે રસ્તાઓ પર કાદવ જામી ગયો હતો, મોટા પથ્થરો પડ્યા હતા અને વૃક્ષો ધરાશયી થઈ ગયાં હતાં.

આવી વિષમ પરિસ્થિતિમાં વાહન લઈ જવું લગભગ અશક્ય હતું. 108ના પાયલોટ મેહુલ વસાવા અને EMT સુનિલ રાઠવાએ કફોડી



હાલતમાં પણ કર્તવ્યનિષ્ઠા સાથે વાન લઈને કોશિશ શરૂ કરી. પાનખલા અને વાઘઉંમર ગામ વચ્ચે વરસાદને કારણે પડેલા પથ્થરો અને વૃક્ષોને બંને કર્મચારીઓએ જાતે હટાવ્યાં. જો કે, દર્દીના ઘર સુધી વાન પહોંચી શકી નહીં. ત્યારે આ બંને કર્મચારીઓએ દર્દીને ઝોળીમાં બેસાડી મુશ્કેલ રસ્તા પર પગદંડીએ એમ્બ્યુલન્સ સુધી પહોંચાડ્યો હતો. ત્યારબાદ દર્દીને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો.


**-:: જાહેર નોટીસ ::-**

ડીસ્ટ્રીકટ **વડોદરા**, તા. **વડોદરા**, મોજે **ગામ શેરખી**ના **બ્લોક/સર્વે નં. ૨૫૯** જેનું ક્ષેત્રફળ ૫૫૫૬ ચો.મી. તથા મોજે **ગામ શેરખી**ના **બ્લોક/સર્વે નં. ૨૬૦** જેનું ક્ષેત્રફળ ૫૫૬૪ ચો.મી. તથા મોજે **ગામ શેરખી**ના **બ્લોક/સર્વે નં. ૨૬૧** જેનું ક્ષેત્રફળ ૬૨૭૩ ચો.મી. તથા મોજે **ગામ શેરખી**ના **બ્લોક/સર્વે નં. ૨૬૫/૧** જેનું ક્ષેત્રફળ ૬૨૭૩ ચો.મી. તથા મોજે **ગામ શેરખી**ના **બ્લોક/સર્વે નં. ૨૬૫/૨** જેનું ક્ષેત્રફળ ૧૧૭૩૬ ચો.મી. **તથા** મોજે **ગામ શેરખી**ના **બ્લોક/સર્વે નં. ૨૬૫/૩** જેનું ક્ષેત્રફળ ૭૮૯૧ ચો.મી. તથા મોજે **ગામ શેરખી**ના **બ્લોક/સર્વે નં. ૨૬૫/૪** જેનું ક્ષેત્રફળ ૭૧૮૩ ચો.મી. તથા મોજે **ગામ શેરખી(નાની)**ના **બ્લોક/સર્વે નં. ૩૫૧** જેનું ક્ષેત્રફળ ૫૦૪૮ ચો.મી. તથા મોજે **ગામ શેરખી(નાની)**ના **બ્લોક/સર્વે નં. ૩૫૧** જેનો **સર્વે નં. ૧૬૨/૧** જેનું ક્ષેત્રફળ ૨૫૨૬ ચો.મી.વાળી જુની શરતની ખેતીની સ્વપાર્જીત જમીનો **મર્હુમ દોલતસિંહ ઉર્ફે દલપતસિંહ પ્રભાતસિંહ પરમારના** નામે ચાલી આવેલ અને **મર્હુમ દોલતસિંહ ઉર્ફે દલપતસિંહ પ્રભાતસિંહ પરમાર** વયોવૃધ્ધ હોય અને નવસારી જીલ્લા મુકામે રહેતા હતા જેનો લાભ લઈ **મર્હુમ જશવંતસિંહ પ્રભાતસિંહ પરમાર** તથા **મર્હુમ રામસિંહ પ્રભાતસિંહ પરમાર તથા તેમના વારસદારો** વિગેરેનાઓ તથા રેવન્યુ કચેરીઓના અધિકારીના મેળાપીપણામાં સદરહું જમીનોમાં ખોટો વહેંચણી કરાર ઉભા કરી સદરહુ જમીનો **મર્હુમ દોલતસિંહ ઉર્ફે દલપતસિંહ પ્રભાતસિંહ પરમારની** જાણ બહાર અંદરોઅંદર વહેંચણી કરી સદર વહેંચણની **રેવન્યુ દફતરે નોંધ નં. ૭૭૬૬ ની નોંધ** ગેરકાયદેસર રીતે પડાવેલ. અને સદર જમીનોમાં પડેલ ખોટી અને બોગસ નોંધ રદ કરાવવા અંગે સીવીલ પ્રકરણો કરેલ છે અને હમારા અસીલે નામ, ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એસ.સી.એ. નં. ૧૮૫૦૩/૨૦૧૮ થી પીટીશન તથા ફર્સ્ટ અપીલ નં. ૨૬૮૪/૨૦૨૫ થી પીટીશન પણ કરેલ છે જે પીટીશનનો હાલ પેન્ડીંગ છે. તથા સદર જમીનો સંબંધે લેન્ડગ્રેબીંગની ફરીયાદ પણ કરેલ છે. જે પણ હાલ પેન્ડીંગ છે આમ સદર જમીનો અંગે નામ. ગુજરાત હાઈકોર્ટમાં મેટર સબ-જયુડીશ છે. જેથી સદરહું જમીનો અંગે હમારા અસીલની સહી સંમતિ વિના કોઈપણ વ્યક્તિ કે સંસ્થાએ કોઈપણ જાતનો વ્યવહાર કરવો કરાવવો નહીં અને વ્યવહાર કરનાર કરાવનારને કોઈ હકક કે અધિકાર પ્રાપ્ત થશે નહીં અને નાણાં ગુમાવવા પડશે બલ્કે સદરહુ જમીન પચાવી પાડવા ગેરકાયદેસર કબજો કરનાર ભુમાફીયાઓ સાથે ગુનાહિત પ્રવૃતિ આચરનાર વ્યક્તિઓને જેલ હવાલે કરાવવા અંગે હમારા અસીલ દિવાની તેમજ ફોજદારી રાહે કાયદેસરની કાર્યવાહી કરનાર છે. જેની ગંભીર નોંધ લેવી.

ઠેકાણું :- ૧૪૩, "શાંતિ સાગર રો-હાઉસ", ટોયોટા-મહિન્દ્રા શો-રૂમ પાસે, એપ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત. મોબાઈલ : ૯૦૯૯૭૨૦૯૬૫

**હાર્દિકસિંહ બી. પરમાર** તથા **ચિંતનસિંહ બી. પરમાર**
મર્હુમ દોલતસિંહ ઉર્ફે દલપતસિંહ પરમારના વારસદારોના એડવોકેટ